**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦   ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૩/૧૧/૨૦૧૫ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-**   **સમાચાર યાદી નં.૨૨૩૯/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૭ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી ૯૨ લીટર દેશી દારૂ, ૧૫૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૨ બિયરટીન અને ૦૨ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૭ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૫,૨૧૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-**   **સમાચાર યાદી નં.૨૨૪૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદ :-**   **સમાચાર યાદી નં.૨૨૪૧/૧૫**

**નરોડા :** કમલેશકુમાર કેશવલાલ શર્મા (રહે.પનાસીયા રેસીડેન્સી, શ્રીજી બંગ્લોઝની સામે, નવા નરોડા) એ તા.૨/૧૧/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૧૦/૧૫ નાં કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે મોબાઇલ નંબર ૯૫૪૬૩૮૭૮૬૯ થી ફોન કરી પોતે કૃણાલ શર્મા (ડેપ્યુટી મેનેજર મેઇનબ્રાન્ચ, લાલદરવાજા)ની ઓળખ આપી “તમારૂ વેરીફીકેશન કરવાનું હોઇ ડેબીટકાર્ડની માહિતી આપો નહીં તો તમારૂ ડેબીટકાર્ડ બંધ થઇ જશે” તેમ કહી કમલેશકુમારને વિશ્વાસમાં લઇ, ડેબીટકાર્ડનો નંબર અને પાસવર્ડ જાણી લઇ, કમલેશભાઇનાં ખાતામાંથી કુલ રૂપિયા ૪૯,૯૮૦/- નોઇડા યુ.પી. ખાતેથી ઉપાડી લઇ, કમલેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.બી.રાણા ચલાવે છે.

**ઘરફોડઃ-**   **સમાચાર યાદી નં.૨૨૪૨/૧૫**

**સોલા હાઈકોર્ટઃ** સુનિલભાઈ મણીલાલ પટેલ (રહે.હાર્મોની સ્ટેટસ બંગલોઝ હેરીટેઝ બંગલોઝની પાસે કેસર સાલ એન્જીનીયરીંગ કોલેજની પાછળ સોલા) એ તા.૧/૧૧/૧૫ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૦/૧૫ રાતનાં ૧૧/૦૦ થી તા.૨૫/૧૦/૧૫ કલાક ૨/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના ડ્રોઈંગરૂમની બારી તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોનાની લક્કી કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ કે શ્રીમાળી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૪૩/૧૫</u>**

**ચાંદખેડા :** શીલશાલીની વિકાસકુમાર સિંહા (ઉ.વ.૩૫)(રહે.શરણ રેસીડેન્સી, ન્યુ સી.જી.રોડ, ચાંદખેડા) તા.૨/૧૧/૧૫ બપોરનાં ૧/૧૫ વાગ્યાના સુમારે ચાંદખેડા સુર્યા હોપ ટાઉનનાં ગેટ આગળથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ શીલશાલીનીબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૦,૦૦૦/-ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એમ.વાઢેર ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૪૪/૧૫</u>**

**મણીનગર :** નિતેશકુમાર જસવંતભાઈ ખત્રી (ઉ.વ.૩૨)(રહે.ક્રિષ્ણાપાર્ક જનતાનગર રામોલ) એ તા.૧૧/૧૦/૧૫ સાંજના ૬/૧૫ વાગે એલ જી હોસ્પીટલ નજીક પોતાની ઓટોરિક્ષા નંબર જીજે ૨૭ યુ ૨૪૬૨ કિમત રૂપિયા ૭૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સાંજના ૭/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ નિતેષકુમાર ખત્રીએ તા.૨/૧૧/૧૫ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આઈ એ ધાસુરા ચલાવે છે.

**<u>આત્મહત્યા :</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૪૫/૧૫</u>**

**રીવરફ્રન્ટ વેસ્ટ :** કાર્તિકકુમાર કીરીટકુમાર ખંભાતા (ઉ.વ.૨૭)(રહે.નવી પોળ, તીલક મેદાન પાસે, ગોમતીપુર)એ કોઇ અગમ્ય કારણોસર તા.૨/૧૧/૧૫ ના કલાક ૯/૧૫ વાગ્યા પહેલાં કોઈપણ સમયે સાબરમતી નદીનાં પશ્ચીમ છેડે, રીવરફ્રન્ટ ઘાટ નંબર ૯ નજીક, સાબરમતી નદીમાં પડી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આલાભાઈ વજસીભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)